|| શ્રી મહાવીરાય નમઃ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

---

**૮ જાન્યુઆરી ૨૦૨૩ – મહિલા મંડળ શ્રેણી – ૨૦ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

---

(૨૦)

**પ્ર. ૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે (૧૦)**

**(૧) પાઠ પૂર્તિ કરો. (૫)**

૧. અદિટ્ઠહડાએ ........ જં ઉગ્ગમેણં ૨. દેવસિયં ........ આસાયણાએ

**(૨) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી ક્યા પાઠમાં આવે છે? તે લખો. (૫)**

૧. આપો ૨. ઔષધ ૩. સંયતિ છું ૪. કપટ ૫. હણવાની બુદ્ધિએ

**(આ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. બ્રહ્મલોક દેવલોકમાં સ્ત્રીવેદનો ઉદય હોય? કેવી રીતે? (૨×૨)

૨. વૈક્રિય અષ્ટકમાં કેટલી અને કઈ પ્રકૃતિ હોય તે પ્રકૃતિના નામ લખવા.

૩. મિશ્ર અને પ્રમત્ત સંયતિ ગુણસ્થાને શાતા વેદનીયની ઉદીરણા હોય? (૧)

**(૨) નીચેની પ્રકૃતિનો ઉદય ક્યાં સુધી? ઉદય વિચ્છેદ ક્યારે? (૫)**

૧. હાસ્ય ૨. કીલકું સંઘયણ ૩. સમકિત મોહનીય ૪. આહારક શરીર ૫. જિનનામ

(૫)

**પ્ર. ૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અંજૂ ચેયં પડિબુદ્ધજીવી, તમ્હા ન હંતા વિઘાયએ।અણુસંવેયણમપ્પાણેણં, જં હંતવ્વં નાભિપત્થએ।। (૩)

૨. આશ્રયનું સ્થાન કયું છે? ઉદાહરણ સાથે સમજાવો. (૨)

(૧૦)

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વ્યવહાર કોને કહેવાય છે? ૨. અકસ્માત્ દંડ, સ્વપ્ન દર્શન અને અલંકારિક સભા એટલે શું?

૩. સૂત્ર શીખવાના કારણ લખો. ૪. આરાધક અને વિરાધક કોણ થાય છે?

૫. દેવો ક્યાં ઉત્પન્ન થાય છે? સિદ્ધ કોણ થાય છે? સૂત્ર વાંચનાનું પાંચમું કારણ લખો.

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ધન્ય સાર્થવાહને મધ્યરાત્રિએ શું વિચાર આવ્યો? તેમણે બીજે દિવસે શું કર્યું? (૩×૨)

૨. કોણ પૂજનીય બને છે? તેનું ફળ શું છે?

૩. ધન્ય સાર્થવાહની નગરી અને રાજાનું નામ લખી ધન્ય સાર્થવાહનો પરિચય લખો. (૨×૨)

૪. ધન્ય સાર્થવાહ કઈ નગરીમાં ગયા? તેનું વર્ણન કરો. ત્યાંના રાજા કોણ હતા? રાજાને કેવી ભેટ આપી?

**અથવા**

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. આહાર કેવી રીતે કરવો જોઈએ? શા માટે? ૨. સાર્થવાહે પુત્રોને શું કહ્યું? શેનો આહાર કર્યો? (૩×૨)

૩. ધન્ય સાર્થવાહે કોટવાળને શું કહ્યું? ૪. સાર્થવાહે ચિલાત સાથે શું કર્યું? (૨×૨)

(૧૦)

**પ્ર. ૫ અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કૃષ્ણ વાસુદેવે દ્વારિકા નગરીમાં શું ઘોષણા કરાવી? (૪)

૨. વાસુદેવ શા માટે દીક્ષા લેતા નથી? કૃષ્ણ વાસુદેવે હાલમાં ક્યા છે? ભવિષ્યમાં શું થશે? (૨×૩)

૩. પદ્માવતી આર્યાના ગુરુણી કોણ હતા? તેમણે શું શીખવ્યું? પદ્માવતી આર્યા હાલમાં ક્યાં છે?

૪. કૃષ્ણ વાસુદેવે પદ્માવતી રાણીનો દીક્ષા મહોત્સવ કેવી રીતે ઉજવ્યો?

**અથવા**

**પ્ર. ૫ નિરિયાવલિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દિશાપ્રોક્ષિક તાપસી પ્રવ્રજ્યાનું વર્ણન કરો. (૩×૨)

૨. સોમિલ કઈ નગરીમાં રહેતા હતા? તેઓ કેવા હતા? કોના સમયમાં થયા હતા?

૩. સોમિલ શ્રાવકના અધ્યયનની મહત્તા જણાવી આપણા માટે શું એકાંત હિતકર છે? (૨×૨)

૪. સોમિલ શ્રાવક શુક્ર મહાગ્રહમાં કેમ ઉત્પન્ન થયા?

(૧૫)

**પ્ર.૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** (૯)

૧. કુસગ્ગે ...... ૨. અવઉજ્ઝિય ...... ૩. અહીણ ......

**(૨) નીચેના શબ્દોના અર્થ લખો.** (૩)

૧. ફાસયા ૨. સંખાઈયં ૩. સારઈયં ૪. ગમિત્તએ ૫. ખેમં ૬. સંસરઈ

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** (૩)

૧. થોડા સમયના ૨. પૂર્ણ શ્રદ્ધા ૩. નાશ કરીને

(૧૦)

**પ્ર. ૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વ્યાખ્યા લખો. અવસ્થિતિ, અવસ્થિત, અવક્તવ્ય સંચય, નિરુવચય–નિરવચયા. (૪×૨)

૨. દેવમાં અવસ્થિત કાળ કેટલો? શા માટે?

૩. સંજ્ઞી હાથીમાં કત સંચય આદિ કેટલા અને કયા ભાંગા? નિરુવચય–નિરવચયાની સ્થિતિ લખો. (૨)

(૧૦)

**પ્ર. ૮ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સૂક્ષ્મ–બાદર દ્વાર લખો. ૨. વૈક્રિય શરીરવાળા દંડકનો સંસ્થાન દ્વાર લખો.

૩. શરીર અને આહારક શરીરની વ્યાખ્યા લખો. ૪. ઔદારિક અને કાર્મણ શરીરનો સંયોજન દ્વાર લખો.

૫. નિષ્કુટ ભાગમાં રહેલો વાયરો કેટલી દિશાનો આહાર કરે તે લખો. તેજસ્ શરીરનો વિષય, અવગાહના લખો.

(૧૦)

**પ્ર. ૯ માર્ગણા સમજણ સહિત લખો. (કોઠો બનાવીને લખો.)**

૧. અધોલોક ત્રસ ઔદારિકમાં ૨. ઊર્ધ્વલોક દેવીમાં ૩. અધોલોક ગર્ભજમાં

૪. સમ્યક્દ્રષ્ટિ ઘ્રાણેન્દ્રિય તિર્યંચમાં ૫. બે યોગવાળા તિર્યંચમાં

**જય જિનેન્દ્ર**